| **Headline:** NSE to see 11 SME listings in one week | |
|---|---|
| **Source:** Gujarat Samachar | **Date:** 10 October 2017 |

# એનએસઈ ખાતે સાત દિવસમાં ૧૧ SME લિસ્ટિંગ

અમદાવાદ, તા. ૯ : એસએમઈ આઈપીઓના વધી રહેલા ક્રેઝને કારણે નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે એક જ સપ્તાહમાં ૧૧ જેટલી એસએમઈ કંપનીઓ લિસ્ટિંગ કરાવતા એક નવો વિક્રમ રચાયો છે. એનએસઈ ખાતે ૪ ઓક્ટોબરે પુરા થતા સપ્તાહ દરમ્યાન આઠ એસએમઈ કંપનીઓએ લિસ્ટિંગ કરાવ્યું હતું. આ ઉપરાંત આગામી એક સપ્તાહમાં વધુ અગિયાર કંપનીઓ લિસ્ટિંગ કરાવવા માટે લાઈનમાં ઉભી હોવાના અહેવાલો સાંપડે છે. એનએસઈના પ્લેટફોર્મ પર પણ એસએમઈના વધતા ક્રેઝના કારણે અત્યાર સુધીમાં લિસ્ટિંગનો આંકડો ૯૭ કંપની સુધી પહોંચી જવા પામ્યો છે.